ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જીવન આખુંય કઠપૂતળીનો જાણે ખેલ લાગે છે.
નિભાવે છે બખૂબી, પાત્ર પણ સમજેલ લાગે છે.

મેં વાવેલું ઊગ્યું મારાપણું આ ભીંતની ઓથે,
નજાકતથી નીરખ એ હું જ છું જે વેલ લાગે છે.

તમાચો એક માર્યો તો એ બીજો ગાલ આપે કાં?
હૃદયની મધ્યમાં ગાંધીપણું ધરબેલ લાગે છે!

- દિક્ષિતા શાહ 'દિવ'

### પાથેય

- રમેશ ઠક્કર

## માણસાઈના હસ્તાક્ષર...

આપણે સહુ રંગમંચના કલાકારો જેવા છીએ..જે પાત્ર મને એ ભજવવું પડે છે..એ ફરજિયાત ગણીએ તો એનો ભાર લાગે..પરંતુ જો એને જીવનનો અનિવાર્ય હિસ્સો ગણી એમાં ઓતપ્રોત થઈ જઈએ તો આપણું કિરદાર દીપી ઉઠે છે..આપણી દોર જેના હાથમાં છે એને કિરતાર કહેવાય..કઠપૂતળી જેવા આપણે સહુ એના ઇશારે જીવીએ છીએ..કોઇ લોકકવિ કહે છે એમ 'ધણી તું ગાડું મારૂં કયાં લઇ જાય એ હું કશું જ જાણતો નથી..'..આમછતાં વિશ્વાસ કે શ્રધ્ધાના એક લગામ આપણને સતત ગતિશીલ રાખે છે..દુનિયાના લોકો એને સમજદારી કહે છે..આપણી ઇચ્છા એ કોઇક પરમ તત્વના આશીર્વાદ ઉપર નિર્ભર છે એ જાણી લઈએ તો આપણે જે ભૂમિકા નિભાવવાની છે એમાં નિખાર આવતો હોય છે..પોતાને મળેલ તક કે જીવનને જે બખૂબી ન્યાય આપે એ જ સાચો સમજદાર માણસ ગણાય.

આપણે એટલે આપણી જાત આપણા સંજોગો અને આપણી આસપાસનું જગત..અનેક અડચણો એમાં અવરોધ બનીને ઉભી હોય છે..આપણું જીવવું એ કોઇ ઉગતી વેલ જેવું હોય છે..જે ભીંત આપણો રસ્તો રોકીને ઉભી હોય એને જ આપણો આધાર બનાવી આપણે આગળ વધવાનું હોય છે..પરેશાની જ રાહત છે એવું 'કલાપી' એ કહયું છે એ જાણે આ વાતનો જ સાર છે..આમ જે વિવસ્વાન વાત છે એને વેંઢારવાની રીતે નથી જોવાની..આપણા જોવામાં નજાકત હોય તો જ આ વિસ્મય આપણને દેખાય છે..વિકસતી વેલનો વૈભવ અને એની ખુમારી જાણે આપણે માટે પાઠશાળા બની જાય છે..!

અવરોધોની સામે આગળ વધવું આસાન નથી..એના માટે ધીરજ જરૂરી છે..સહનશક્તિ કે આવડત આવશ્યક છે..ઘણા લોકો કારણવગર પ્રતિક્રિયાઓ આપી મુશ્કેલીઓને વધારે અસહય બનાવતા રહે છે..જગતમાં જે કંઈ અડચણો છે એની સામે પ્રેમ અને અનુકૂલન સાથે આગળ વધીએ તો જ કોઇ ધ્યેય પ્રાપ્ત થતું હોય છે..કોઇ આપણું અહિત કરે અને આપણે જો બદલાની ભાવનાથી એનો એવો જ પ્રતિકાર કરીએ તો એમાં બંને પક્ષે ખુવારી થતી હોય છે..વેરનો બદલો વેર એમાં એક આવેગ હોય છે. ઘણા લોકોને એમાં વટ કે ખુમારી પણ લાગતી રહે છે. બદલો જયારે આપણી ઇચ્છાઓ મુજબ લેવાય ત્યારે એનો રોમાંચ કે પરાક્રમો સહુને પોરસ ચડાવે છે..વાસ્તવમાં આ એક નકારાત્મક સફર છે..ક્ષમા કે જતું કરવાની ભાવના જ સાચો પ્રતિકાર હોય છે..એથી પણ આગળ જો કોઇ ઇલમ હોય તો એ છે કે આપણું અહિત કરનારનું પણ સારૂં ઇચ્છવું. સામાન્ય રીતે આદર્શ જેવી લાગતી આ બાબત હકિકતમાં સફર જીવનની ચાવી છે.કેટલાક લોકો આ રીતે જીવે છે અને જીવનનો સાચો અર્થ સમજે છે...કોઇ આપણા ગાલ ઉપર એક તમાચો મારે ત્યારે એની સામે બીજો ગાલ ધરવો એટલે સામેની વ્યકિતમાં પડેલી સારપમાં અડીખમ શ્રધ્ધા રાખવી.આને ગાંધીપણું કહેવાય..બહારથી આદર્શમય લાગતી આ વાત વાસ્તવમાં માણસાઈ ઉપરના આપણા હસ્તાક્ષર જેવી છે..એ થકી મળતો પ્રતિસાદ એ જ સંતોષવા મુદ્રાલેખ જેવો હોય છે..

# બે પાવન પર્વોનો સંગમ....

**તંત્રીસ્થાનેથી...**

ગણપતિ બાપ્પા એમની ગણતરીપૂર્વકની ધીમી ગતિએ ભારત ઉપરાંત જયાં જયાં ભારતીયો વસે છે ત્યાં પહોંચી ગયા છે. સૌથી પહેલાં પૂજાવાનો અધિકાર પિતાશ્રી દેવાધિદેવ મહાદેવ પાસેથી જ મેળવી લીધો અને વિશ્વભરમાં 'ગણ' અર્થાત્ સમુદાયના નેતા તરીકે એ લોકશાહીના - 'ગણતંત્ર'નાં સૌથી પહેલા પુરસ્કર્તા પણ બની રહ્યા. માનવીનાં દૈવત અને કૌવત હોય તો એને મહાદેવ જેવા દેવોના દેવ પણ અગ્રતાક્રમે મૂકે જ. કાર્તિકેય અજેય યોદ્ધા ખરા પણ નેતૃત્વના ગુણો તો ગણપતિમાં જ. ગૌરીપુત્ર દૂંદાળા દેવની જાહેરમાં ઉજવણી સમગ્ર એશિયામાં પાટણની ગણેશવાડીમાં થઈ હોવાનો દાવો સાચો હોય તો ગુજરાત અને ગણપતિની રાશિ એક હોઈ ગુજરાતીઓ ટિળકને પણ ટપી ગયા ગણાય. ટિળક મહારાજે મહારાષ્ટ્રમાં ગણપતિપૂજનને ઉત્સવનું રૂપ આપીને અંગ્રેજની આંખમાં ધૂળ નાખી હતી. ગણપતિની ઓથમાં પ્રજાને સ્વતંત્રતાનો સંદેશ આપવાનો હતો ને ! ટિળકે સિંહગર્જના કરી હતી : 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તે લઈને જંપીશ.' યોગાનુયોગ ગણેશ ચતુર્થી અને સંવત્સરી એક જ તિથિએ આવતાં પર્વો હોઈ કેન્દ્ર અને રાજય સરકાર સંવત્સરીની રજા રાખે છે. જૈન ધર્મ ભારતીય સંસ્કૃતિની પરાકાષ્ઠા દર્શાવતો ધર્મ છે. વિશ્વના અન્ય કોઈ ધર્મમાં ન હોય એવો અહિંસા, ક્ષમા અને અનેકાંત વાદનો સંદેશ જૈન ધર્મ ફેલાવતો રહ્યો છે. ઈશ્વર છે, પણ એ માનવી રૂપે જ અનેક જન્મોનાં પુણ્યોનો ઉદય થતાં પ્રગટે છે. માણસ જ ભગવાન બની જાય - એના મનુષ્યાવાદમાં જ એ તીર્થંકર પદ પામી શકે - એવું તારણ ફક્ત જૈન ધર્મ આપી શકે છે. વળી એ તીર્થંકર પદ માત્ર પુરુષો માટે અનામત નથી. ચોવીસ તીર્થંકરો પૈકી એક મહિલા તીર્થંકર પણ થયાં છે. ભારત અધ્યાત્મનું એપીસેન્ટર છે. વિવિધ આધ્યાત્મિક વિચારધારાઓ આ પાવન ભૂમિમાં ફૂલીફાલી છે. અહીં કોઈનો નકાર નથી; સર્વનો સ્વીકાર છે. સનાતન ધર્મમાં જ કેટકેટલા ફાંટા છે ! જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ પણ મૂળે તો સનાતન ધર્મથી અમુક મુદ્દે વાજબી વાંધો પડતાં પડેલાં ફાંટા જ છે. જૈન ધર્મ એ રીતે પરિષ્કૃત છે. એમાં ત્યાગ, તિતિત્રા અને અહિંસા - ક્ષમાપનાનો મહિમા તો છે જ; ઉપરાંત તે બાકીના ધર્મ સંપ્રદાયો કે વિચારધારાઓનો પણ અનાદર નથી કરતો. એ પણ સાચા હોઈ શકે ! - આવી ઉદારતાને કારણે જૈન ધર્માવલંબી પ્રજા લઘુમતીમાં હોવા છતાં 'બહુમતી' માટે અઢળક દાનધર્મ કરતી રહી છે. એની સમૃદ્ધિ પાછળ જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો જવાબદાર છે. કરુણા એનો પાયો છે. એટલે જીવદયા ક્ષેત્રે હિંદુઓ કરતાં જૈનો વધુ સક્રિય રહ્યા છે. શરૂઆતમાં આપમે ગણપતિ બાપ્પાને યાદ કર્યા હતા. અંત પણ એમની જ આપણા આધુનિક કવિએ કરેલી સ્તુતિથી કરીએ :

દુનિયાનાં દુઃખ કાપે બાપ્પા
જે માગો એ આપે બાપ્પા
બંધ આંખથી જરા પુકારો
ચૌદ ભુવનમાં વ્યાપે બાપ્પા
●●●
ઝંઝાવાતે યાદ કર દરિયે
હાજર થાય તરાપે બાપ્પા (રમેશ ચૌહાણ)
સૌને બાપ્પા ફલો મિચ્છામી દુક્કડમ્.

# જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી, પણ જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ!

**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**



**કૃષિ કરે જેમ કૃષિજનજી, વિવિધ ભાતનાં વાવે વળી અન્નજી,**
**જાણે અન્ન વડે થાશે બહુ ધનજી, એમ મનસૂબો કરે નિત્ય મનજી.**
**-નિષ્કુળાનંદ**

શ્રાવણી અમાવાસ્યા અને ભાદરવા માસારંભ...

શ્રાવણી અમાસ એટલે 'દર્ભ ગ્રહણી અમાવાસ્યા' આ દિવસે લાવેલો દર્ભ નિઃસત્વ થતો નથી. તેથી તે જે દિવસે ઉપયોગમાં લેવો હોય તે દિવસે લઈ શકાય છે.

આ દિવસે "મને આ જન્મમાં અથવા જન્માંતરમાં સૌભાગ્ય, પુત્ર અને પૌત્રનું ફળ પ્રાપ્ત થાય"- તેવો સંકલ્પ લઈ સ્ત્રીઓ 'પિઠોરી વ્રત' કરે છે. આમ સ્ત્રીને સૌભાગ્ય આપનાર તેમજ પુત્ર, પૌત્રવતી બનાવનાર આ અમાવાસ્યા 'માતૃદિન'તરીકે પણ મનાવાય છે.

સો મૂર્ખ દીકરાઓ કરતાં એક ગુણવાન- સુપુત્ર શ્રેષ્ઠ છે. એક ચંદ્ર જ અંધકારને હણવા સમર્થ છે; નહીં કે અનંત અગણિત તારાઓ... ચંદ્રથીજ રાત પ્રકાશિત ગણાય છે!

પેલી કહેવત છે, 'લીખના પેટે પાડો ન જન્મે' એ ન્યાયે જીવંત પુત્રને જન્મ આપવાની ઈચ્છાવાળી મા પોતે પણ જીવંત હોવી જોઈએ ને! મા એ કેવળ બાળકની જ નહીં પરંતુ સંસ્કારોની પણ જન્મદાત્રી છે. આપણી સંસ્કૃતિ એ 'માતૃદેવો ભવ' કહીને આદ્યપૂજાનું સ્થાન આપી ગૌરવ બક્ષ્યું છે.

આમ માતૃદિન એટલે શ્રેષ્ઠ સંસ્કૃતિ પુજક માતાઓનું સ્મરણ કરવાનો દિવસ! અમાવાસ્યા... અમાવસ્યા... અમાસ... અર્થાત 'અમા' એટલે સાથે કે એકત્ર અને વસ્યા એટલે વસવું, રહેવું કે સાથે રહેવું. આ દિવસે સૂર્ય અને ચંદ્ર બંને સાથે રહે છે. શાસ્ત્રો કહે છે કે અમાસના દિવસે દેવો એકબીજાને મળે છે. સર્વ દેવો એકજ સ્થાને એકઠા થાય એને અશુભ કેમ કહેવાય? અરે, માનવને પ્રિય એવી લક્ષ્મીજીનું પૂજન પણ આપણે અમાસે જ કરીએ છીએ ને! યંત્ર - મંત્ર - તંત્ર - સાધનાને અમાસે જ શ્રેષ્ઠ ગણી છે. અમાસના મહત્વની સાથે પીપળાના પુજનનો મહિમા પણ શાસ્ત્રોમાં વર્ણવાયો છે.

ધરતી પરની તમામ વનસ્પતિ માનવ જાત માટે કલ્યાણકારી છે. એમાંય પીપળો તો પરમેશ્વરની વિભૂતિ. પીપળો - અશ્વત્થ - વિષ્ણુનું સ્વરૂપ - પિતૃ મોક્ષ માટે પવિત્ર ઉપકારકને ઉધ્ધારક. પ્રાણ શક્તિનો ભંડાર... એની ઊર્જા અનિષ્ટ નિવારક અને આયુષ્ય વર્ધક એટલે જ શાસ્ત્રાજ્ઞા મુજબ સુતરના તાર વડે આંટા દઈ પ્રદક્ષિણા કરીએ તો શક્તિ ગ્રહણ થાય...

આપણા ધર્મશાસ્ત્રો સૂચિત વ્રત - ઉપાસના સવિશેષ પ્રયોજનથી કરવામાં આવ્યા છે. આપણા ધર્મશાસ્ત્ર એટલે વિજ્ઞાન શાસ્ત્ર!

શ્રાવણની જેમ ભાદ્રમાસ પણ વ્રતોત્સવો થી ભર્યો ભર્યો... એમાં શ્રાદ્ધ પક્ષ મુખ્ય... ઉપરાંત જૈન પર્યુષણ, ગણેશ ચતુર્થી, વામનદ્વાદશી, અનંત ચૌદશ, રાધાષ્ટમી, ઋષિ પંચમી, વરાહજયંતી, કેવડા ત્રીજ વગેરે વગેરે.

'સંવત્સરી' જૈનોનો પર્વાધિરાજપર્યુષણનો અંતિમ દિવસ. ક્ષમાપનાનો દિવસ. 'મિચ્છામી દુક્કડમ' ની ઉચ્ચ ભાવના સાથે પ્રતિક્રમણના માર્ગે આગળ વધવા કટિબદ્ધ થવાનો પાવન પ્રસંગ...

દોસ્તો, વર્ષભર આવતા નાના- નાના તહેવારો અને એની ઉજવણી ઘરેડબદ્ધ જીવાતા જીવનને નવી ઊર્જા પૂરી પાડે છે. સ્વાધ્યાય પ્રવૃત્તિ અને દાદાજીના વિચાર પ્રસાદે આર્ષદૃષ્ટાઓની લક્ષણાવાણી ને ઉકેલતાં શીખવ્યું... આમ તો આપણે 'સાપ ગયા ને લિસોટા રહ્યા' એમ પૌરાણિક ક્રિયાકાંડ યંત્રવત કર્યા કરીએ છીએ. રિવાજ-પ્રથા, પરંપરા પાછળનો મૂળ કલ્યાણકારી ઉદ્દેશ્ય કે ઉપદેશનું ચિંતન કે જિજ્ઞાસા પણ કોને છે?!

ગામડાનો પ્રાકૃત બહુજન સમાજ કૃષિ નિર્ભર - એમને મન નાગપંચમી અને ઋષિ પંચમી વિશિષ્ટ શ્રદ્ધામય ઉજવણી નિહાળી - અનુભવી છે. ઋષિપંચમીએ તો 'અણોજો' કે 'અગતો' પાળે. ખેતી સાથેના તમામ કામોની રજા... વાઢવા-કાપવાનું... દૂધ - દહીં - ઘી - વેચવાનું બંધ... કૃષિ જગત અને તેની સાથે જોડાયેલું વ્યવહારજગત સાવ શાંત... માલેતુંજાર ઘરની સ્ત્રી પણ 'સામો' આરોગે... 'સામો' જેને આપણે 'મોરૈયો' કહીએ તે... એક જંગલી ચોખા ની જાત છે... ઋષિઓનું ખડ ધાન્ય છે. પ્રાકૃતજનોને મન તો 'સામાપાંચમ'.

મિત્રો, આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓએ ૧ ૨ થી ૫૦ વર્ષની વયની દરેક વખતે રજસ્વલા સમય દરમિયાન સ્ત્રીઓએ આહારમાં ધાન્ય તરીકે સામો જ ખાવો એમ સૂચવ્યું છે. આજે સ્ત્રી વ્યંધત્વના કિસ્સા વધ્યા છે ત્યારે યોગ્ય આહાર વિહાર અને કેટલીક સાવધાનીઓનું દ્રઢ પાલન કરાય તો વિકારની ચિકિત્સા શ્રેયસ્કર બની રહે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં મૂળ ઉત્પાદક હેતુ અને સ્થાન એવા સ્ત્રીત્વને ઉચ્ચતર બનાવવા જપ, તપ, વ્રત, ઉત્સવ વગેરે વ્રતાદિની પરંપરા સર્જાયેલ છે. સૃષ્ટિના ક્રમિક

અનુસંધાન પાના નં. ૭ પર

# એક દબાયેલો ગુસ્સો બધાંના ચહેરા ઉપર જણાઈ આવતો

**સ-રસ**
**મમતા બુચ**



મને ઘણી વાર થતું કે મેં એમને ઓળખવામાં ભૂલ કરી હતી. પણ એમાં મારો વાંક નહોતો. અમારા સમયમાં એક-બીજાને ઓળખવાનો કે સમજવાનો મોકો જ આપવામાં આવતો નહોતો. નહીં તો આટલા ઉગ્ર અને ''મિલીટરી મિજાજ'' ધરાવતા વ્યક્તિને હું પસંદ જ ન કરત એવું મને અનેક વાર થઈ આવતું! ક્યારેક તો એમ જ લાગતું કે એમને અમારી કોઈ જ પડી નહોતી.

હું તો ઠીક, બાળકો પણ એમના આ સ્વભાવથી ત્રાસી ગયાં હતાં! અને એ લોકો તો નવી પેઢીનાં હાજરજવાબી સંતાન એટલે કાયમ નાની-મોટી બાબતમાં એમનો અણગમો વ્યક્ત થતો રહેતો. પણ પહેલેથી ઘરમાં મારા પતિનું જ રાજ ચાલતું અને મેં પણ એ મૂંગા મોંઢે સ્વીકારી લીધું હતું એટલે અન્ય સભ્યોનું કંઈ ચાલતું નહીં. પણ એક દબાયેલો ગુસ્સો બધાંના ચહેરા ઉપર જણાઈ આવતો.

વાસ્તવમાં, એમની હામાં હા મેળવવાની મારી પ્રથા બાળકોને બહુ ખૂંચતી. અને એમના આ સ્વભાવને પોષવા પાછળ હું જ જવાબદાર છું એવી અકળામણ પણ મારી આગળ ઠાલવવામાં આવતી. અને મને એનું દુઃખ હંમેશાં રહેતું.

''બધું પપ્પા કહે એમ જ કરવાનું? આપણી વાત એ ક્યારે સમજશે? અને કોઈ દિવસ પપ્પાના મોંઢે આપણી કોઈ વાતનાં વખાણ સાંભળ્યાં?'' બાળકો મોટાં થતાં જતાં હતાં એમ એમની દલીલો પણ મોટી થતી જતી હતી.

ચાર દિવસ પહેલાં નિકિતાની કોલેજમાંથી પિકનિક જવાનું આવ્યું ત્યારે એ કેટલી ખુશ થઈને એના પપ્પાને કહેવા ગઈ હતી, પણ એના પપ્પાએ એમ કહીને એના ઉત્સાહ ઉપર પાણી ફેરવી દીધું હતું કે એવા ખોટા ખર્ચા કરવાની જરૂર નથી. આનંદ તો ગમે ત્યાંથી મેળવી શકાય છે. એમાં બહાર ભટકવા જવાની જરૂર નથી. નિકિતા સમસમીને રહી ગઈ હતી. મને પણ દુઃખ થયું હતું. સાવ હાર્ટલેસ માણસ! જો કે નિકિતાની ગેરહાજરીમાં એમણે મને કહેલું કે હમણાં-હમણાંથી એવા ખરાબ બનાવો બને છે કે એમનો જીવ દિકરીને મોકલતાં ચાલ્યો નહીં પણ એ બધાં તો બહાનાં!

અર્જુન તો આમે ય જરા તેજ મગજનો અને એમાં એના પપ્પાએ એને બાઈક લઈ આપવાની ના પાડી ત્યારે એણે દલીલ કરી હતી, ''પપ્પા, હું આ શહેરનો કે મારી કોલેજનો પહેલો યુવાન નથી કે જે બાઈક લઈ રહ્યો હોય. બધાંના પપ્પા લઈ આપે છે. અને મને સારી રીતે ચલાવતાં પણ આવડે છે.'' પણ એના પપ્પા ટસના મસ ન થયા. સાવ હાર્ટલેસ માણસ! મારી આગળ બહાનું તો એવું ધર્યું કે બાઈકર્સ બાઈક ચલાવતાં એવા ''ફોર્મ''માં આવી જાય છે કે મોટા ભાગના એક્સિડંટ એને લીધે જ થાય છે.

પાછું એવું પણ નહોતું કે અમારે પૈસાની કમી હતી. બાળકોના શોખ આરામથી પૂરા કરી શકીએ એટલું ઈશ્વરે અમને જરૂર આપ્યું હતું. પણ લક્ષ્મી આપનાર ઈશ્વર મારા પતિમાં લાગણી આપવાનું ભૂલી ગયો હતો. પણ એમની આગળ એક હદથી વધારે બોલવાની કોઈની હિંમત નહોતી.

ઘણી વાર એ ઓફિસના કામને લીધે રાત્રે મોડા ઘરે આવતા. હું પૂછું ત્યારે કહે, ''અંજના, મારું કામ મારી જવાબદારી છે. મારા વગર એ કોણ પૂરું કરશે?'' હું ધીમેથી કહેતી, ''બરાબર, પણ તમારી જવાબદારી ઘરમાં પણ છે ને!'' એ કહેતા, ''ઘર અને બાળકોને સાચવવા તું છે એટલે મને એમની જરાય ચિંતા નથી.'' નિકિતા અને અર્જુન કહેતાં કે પપ્પાને એમની ઓફિસમાં પોતાની વાહ-વાહ કરાવવી છે એટલે એનું કામ સંભાળશે. જો કે બાળકોને તો હું એમના પપ્પાની વિરુધ્ધમાં કંઈ પણ બોલવાની ના પાડતી પણ અંદરખાને તો મને થતું કે આ માણસને કોઈની ય પડી નથી.

એવામાં એક દિવસ એ સવારે અમારા બેડરૂમની બાલ્કનીમાં ઊભા હતા. અને ઓચિંતું એમનું ધ્યાન ગયું, ''અંજના, આ આપણા બેડરૂમની બારીના છજાં ઉપર કબૂતરે માળો બાંધ્યો છે?'' મેં કહ્યું, ''હા, અને એમાં બે બચ્ચાં પણ છે.'' એટલામાં નિકિતા આવી. એણે હોંશભેર કહ્યું, ''પપ્પા, કેવાં મસ્ત મજાનાં બચ્ચાં છે, નહીં? કેટલાં ક્યૂટ છે! હું તો કોલેજે જઉં ને તો ય મને એમ થાય કે ક્યારે ઘરે પહોંચીને બચ્ચાંને જોઉં!'' પણ એ....! એમનો કોઈ પ્રત્યુત્તર નહીં. નિકિતા મોંઢુ નીચું કરીને ઘરમાં જતી રહી. મેં એમને કહ્યું, ''નિકિતા કેટલી હોંશથી વાત કરતી હતી! એને કંઈક જવાબ તો આપવો હતો!'' એ બોલ્યા, ''દરેક વાતનો જવાબ આપવો જરૂરી હોય છે? અને જવાબ ન આપો તો તમે એ વાત સમજતા નથી એવું સાબિત થાય છે?'' મેં આવા હાર્ટલેસ માણસની સાથે દલીલ કરવાનું માંડી વાળ્યું.

પંદરેક દિવસ પછી ઉત્તરાયણ આવી, અને ગઈ ત્યારે અમારા મકાનની આજુ-બાજુનાં વૃક્ષો ઉપર કપાયેલા દોરાના ઢગલા કરતી ગઈ. એમાંની દોરીઓએ અમારે ત્યાં માળો બાંધેલા કબૂતરનાં બે બચ્ચાંનો ભોગ લીધો. એની વાત અમારા ઘરમાં થઈ ત્યારે મારી આંખોમાં તો પાણી આવી ગયું. બિચારાં કેવાં ઊડું-ઊડું કરતાં હતાં! નિકિતા તો સાવ ઢીલી પડી ગઈ હતી. ''મમ્મી, આખો દિવસ કેવો એમનો ગૂટર-ગૂં અવાજ આવ્યા કરતો હતો!'' અર્જુન પણ ઉદાસ થઈ ગયો હતો. પણ એ.....? કોઈ જ પ્રતિભાવ નહીં! સાવ હાર્ટલેસ માણસ! અમે પણ એ વાતને પરાણે વિસારે પાડી.

બે દિવસ પછી એમનો જન્મદિવસ આવ્યો. નિકિતાએ પહેલેથી જ કહી રાખ્યું હતું, ''મમ્મી, પપ્પાને બહુ ભાવતાં ગુલાબજાંબુ એમના બર્થ-ડે પર બનાવજે. ભૂલી જઈશ તો ઠપકો ખાવો પડશે.'' અર્જુને એમાં ટાપસી પૂરી હતી, ''હા, ગુલાબજાંબુ ખાવા માટે તો પપ્પા કંઈ પણ કરી શકે!'' મેં ગુલાબજાંબુ બપોરે બનાવી રાખ્યાં.

સાંજે બધાં ડાઈનિંગ-ટેબલ ઉપર ગોઠવાયાં. હું એમની થાળીમાં ગુલાબજાંબુ પીરસવા જ જતી હતી ત્યાં એમણે હાથ હલાવીને ના પાડી. અમને બધાંને નવાઈ લાગી. અમારા ત્રણેયના વારંવાર પૂછ્યા પછી એ બોલ્યા, ''આપણે ત્યાં નિર્દોષ કબૂતરોનાં બે બચ્ચાં મરી ગયાં પછી મેં પ્રાયશ્ચિતરૂપે બે વર્ષ ગુલાબજાંબુ નહીં ખાવાનું નક્કી કર્યું છે. એનો સૂનો માળો મારાથી જોઈ શકાતો નથી. આપણને જેમ આપણાં બચ્ચાં વહાલાં હોય છે એમ એ ગભરુ પક્ષીને પણ એનાં બચ્ચાં વહાલાં જ હશે ને! એમને બિચારાંને કેવું થતું હશે!''

હું અવાચક થઈ ગઈ. ખરેખર, મેં એમને ઓળખવામાં ભૂલ કરી હતી.

# ખુશ રહેવાની ક્ષણો ભેગી કરો, આખો દિવસ એવો મળે ના મળે!

**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**



એક માણસે નક્કી કર્યું કે એ હંમેશા ખુશ જ રહેશે. ખુશ રહેવા માટે શું કરવું પડે કે શું જોઈએ એ વિશે પછી એણે વિચાર કર્યો. આમ જુઓ તો આવો વિચાર કરવો સારી વાત છે. સુખ અને શાંતિ તરફનું એ તમારું પહેલું કદમ કહી શકાય!

એ માણસે વિચાર્યું કે ખુશ રહેવાની સૌથી પહેલી શરત રૂપિયા છે. તમારી પાસે એટલા રૂપિયા હોવા જ જોઈએ જે તમને સમાજમાં માન અપાવી શકે. તમારા અને તમારા પરિવારના સભ્યોની જરૂરિયાત પૂરી કરી શકે. અચાનક ઘરમાં કોઈ માંદુ પડે તો એની સારવાર થઈ શકે. એક સારું ઘર અને ગાડી ખરીદી શકાય અને આટલી જરૂરિયાત પૂરી કરવા માટે કમ સે કમ મહિને પચાસ હજારથી લઈને એક લાખ વચ્ચેની કમાણી હોવી જ જોઈએ.

એ માણસે હવે થોડી તપાસ કરી. એને એક એવી જગ્યા દેખાઈ ગઈ જ્યાં એની અપેક્ષા મુજબનો પગાર મળી શકે એમ હતો. આ માણસે પ્રયત્નો કર્યા અને ત્યાં નોકરી લઈ લીધી. થોડાં દિવસ એને કામ કરવાની મજા આવી અને પછી એ કંટાળી ગયો. વધારે રૂપિયા મતલબ વધારે કામ એ ત્યાંનો નિયમ હતો. સવારથી લઈને મોડી સાંજ સુધી એને કામ કરવું પડતું હતું. રવિવારે પણ ભાગ્યે જ છુટ્ટી મળતી. કોઈ ને કોઈ એવું અગત્યનું કામ આવી પડતું કે એણે રવિવારે પણ ઑફિસ જવું પડતું. એના કામને લીધે એ પોતે અકળાયેલો હતો એ તો ખરું જ એના ઘરના લોકો પણ અકળાઈ ગયેલાં. બાળકો અને માબાપને તો એ કેમેય કરીને સમજાવી લેતો પણ એની પત્નીને જવાબ આપવા હવે એને કાઠાં પડવા લાગેલ. પત્નીને એમ કે આનું કોઈ બીજી સાથે ચક્કર ચાલતું હશે એટલે જ એ રવિવારે પણ ઘરમાં ટકતો નથી!

એ માણસને જોઈતા રૂપિયા મળ્યા ત્યાં પરિવારનો સાથ છૂટી ગયો. એનું હંમેશા ખુશ રહેવાનું મિશન ખોટવાઈ ગયું. એ માણસ હોશિયાર હતો. એણે ફરી વિચાર કર્યો. એને એટલી તો ખબર પડી ગયેલી કે રૂપિયા કમવાનો કોઈ શોર્ટકટ નથી. એને માટે સખત મહેનત કરવી જ પડે. સવાલ મહેનત કરવાનો નહતો, સવાલ એ મહેનત કરવા પાછળ ખર્ચાતા સમયનો હતો. આખી જિંદગી જો એ રૂપિયા કમાવા પાછળ જ ખર્ચી નાંખશે તો પછી જીવનનો અસલી આનંદ ક્યારે માણશે? એને રૂપિયા પણ જોઈતા હતા અને સમય પણ! બંને સાથે સાથે કેવી રીતે મેળવી શકાય?

એ માણસે એનોય રસ્તો શોધી લીધો. એણે જિંદગી આરામથી પસાર થઈ શકે એ માટે અંદાજીત કેટલા રૂપિયા જોઈએ એનો હિસાબ લગાવ્યો અને નક્કી કર્યું કે જીવનનાં અમુક વરસો એ સખત મહેનત કરી જોઈતા રૂપિયા ભેગા કરી લેશે અને ત્યાર બાદ આરામથી જીવનને માણશે. એણે તનતોડ મહેનત ચાલું કરી. બિનજરૂરી ખર્ચા પર કાપ મૂક્યો. વરસો લગી એ ના કોઈ હોટેલમાં ખાવા ગયો કે ના સિનેમા જોવા ગયો. એના પરિવારમાં બાળકો માટે ચોકલેટ કે આઈસ્ક્રીમ જેવી વસ્તુ પણ જવલ્લે જ આવતી. જ્યાં કાપ મૂકી રૂપિયા બચાવી શકાય એમ હોય એ દરેક જગ્યાએ એણે કાપ મૂક્યો અને રૂપિયા બચાવ્યા...

એ જ્યારે પાંત્રીસસ વરસનો થયો ત્યારે એની પાસે મબલખ રૂપિયા ભેગા થઈ ગયાં હતાં. એણે ધાર્યું હતું એનાથી એ રકમ થોડી વધારે હતી અને તોય એણે વિચાર્યું કે હજી થોડા વરસ કામ કરી લઉં પછી આરામ જ કરવો છે, જિંદગીને ખરેખર માણવી છે.

જ્યારે એનો ચાલીસમો જન્મ દિવસ આવ્યો ત્યારે એણે એક પાર્ટી રાખી અને એના ખાસ મિત્રો, પરિવારના સભ્યો આગળ નિવૃત્તિની જાહેરાત કરી. ઘણા બધા લોકોએ એને રોક્યો, આટલો નફો આપતું કામ ના છોડી દેવા સમજાવ્યો પણ એ માણસ કોઈનું સંભળાવા રાજી નહોતો. વરસોથી એણે જે સપનું જોયું હતું, હંમેશા ખુશ રહેવાનું એ હવે પૂરું થવામાં હતું.

બીજે દિવસે સવારે એ ઉઠ્યો ત્યારે લાગ્યું કે જીવનમાં કેટલી શાંતિ છે. ક્યાંય જવાની કોઈ ઉતાવળ નથી. એણે શાંતિથી નાસ્તો કર્યો. બાળકો હવે મોટા થઈ ગયા હતાં એ સ્કૂલ/કોલેજ ચાલ્યાં ગયા. પત્ની ઘરકામમાં વ્યસ્ત થઈ ગઈ અને એ માણસને થયું કે હવે એણે એને ગમતું કાંઈક કરવું જોઈએ. એ ઉપર એના રૂમમાં ગયો અને વરસોથી કબાટમાં છુપાવી રાખેલી વાંસળી કાઢી વગાડી...

છેક બાળપણથી એની ઈચ્છા હતી કે એને વાંસળી વગાડતા શીખવું છે. એને વાંસળી તો મળી ગયેલી પણ વગાડતા નહોતું આવડતું. ઘણો બધો પ્રયત્ન કર્યો તોય એમાં સફળતા ના મળી ત્યારે કંટાળીને એણે એ પ્રયત્ન કરવાનું છોડી દીધું હતું. ક્યારેક એને મનમાં થતું કે કોઈ જાણકાર પાસેથી ટ્રેનિંગ લીધી હોય તો એ પોતે પણ સરસ વાંસળી વગાડી શકે. જે એ વખતે શક્ય નહોતું એ આજે શક્ય હતું. એણે એક ગુરુ ખોળી લીધા અને થોડાક જ દિવસોમાં વાંસળી વગાડતા શીખી ગયો. હવે એ ખરેખર ખુશ હતો.

એ માણસે એની પત્નીને પણ પોતાની ખુશીમાં ભાગીદાર બનાવતા કહ્યું કે કોઈ મને પૂછે કે જીવનમાં સુખ એટલે શું તો હું કહીશ કે વાંસળી વગાડવી. મને ખરેખર એમાં અદભૂત આનંદ આવે છે. પત્નીએ તરત જ કહ્યું કે અરે પણ એ સુખ તો વરસોથી તમારી પાસે જ હતું તમે આટલા વરસ રાહ શેની જોતા હતા?

એક પળમાં એ માણસને લાગ્યું કે જાણે જીવનના અમૂલ્ય વરસો એણે સાવ એમ જ વેડફી નાખ્યાં. એની પત્નીની વાત એને ગમી નહતી એ જુદી વાત છે પણ એણે જે કહ્યું એ સાચું હતું. એ કારણ વગર જ થોડો ઉદાસ થઈ ગયો. સુખ એને હાથતાળી આપીને છટકી જતું લાગ્યું.

આખરે એ માણસે ફરી વિચાર કરવા બેઠો. આ વખતે પહેલેથી છેલ્લે સુધી બધું જ ખૂબ ગંભીરતાથી વિચાર્યું અને પછી એને જીવનનું એક અણમોલ સત્ય સમજાયું - ખુશ રહેવાનું હંમેશા એના હાથમાં હતું!

**અમસ્તું,**

હાલ જ આ જે પળ પસાર થઈ રહી છે એમાં જ સુખ છુપાયું છે, ખોળી શકો તો ખોળી લો...

FB: @Niyati Kapadia
Insta: @Niyati_kapadiaa, @kapadianiyati